પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૦૦ | ૯ જાન્યુઆરી, ૨૦૧૮, મંગળવાર ; પોષ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### બડ ગામમાં એક આતંકી ઠાર

જમ્મુ-કાશ્મીરના બડ ગામમાં આતંકીઓએ પોલીસપાર્ટી પર ફાયરીંગ કર્યું હતું. ત્યારબાદ જવાબી ફાયરીંગમાં પોલીસ ફોર્સે એક આતંકીને ઠાર માર્યો હતો.

### દિલ્હીમાં મેટ્રો-બસ માટે કોમન કાર્ડ લોન્ચ

હવે દિલ્હીમાં મેટ્રો અને બસમાં સફર કરવા માટે અલગ-અલગ ટીકીટ અથવા કાર્ડની જરૂર નહી રહે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દિલ્હી કોમન મોબિલિટી કાર્ડ લોન્ચ કર્યું છે.

### ભાજપ નેતા મંજુ બાસુ પુનઃ ટીએમસીમાં

તાજેતરમાં તૃણમુલ કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા મંજુબાસુ પુનઃ ટીએમસીમાં જોડાયા છે. ઉલ્લેખનીય છે કે મંજુ બાસુનુ નામ ભાજપે નોવાપરા વિધાનસભા પેટાચૂંટણીના ઉમેદવાર તરીકે જાહેર કર્યું હતું.

### અજમેર બેઠક માટે રઘુ શર્મા કોંગ્રેસના ઉમેદવાર

રાજસ્થાનની અજમેર લોકસભાની પેટા ચૂંટણી માટે કોંગ્રેસના ઉમેદવાર તરીકે રઘુ શર્માનું નામ જાહેર કરાયું છે.

### સીરિયામાં જેહાદીઓના અડ્ડા પર એર સ્ટ્રાઈક

નોર્થ વેસ્ટર્ન સીરિયાના ઈદલિબ શહેરમાં એશિયન જેહાદીઓના પ્રાંતમાં એરસ્ટ્રાઈકના આઠ બાળકો સહિત ૨૧ લોકોના મોત થયા છે.

# અંદાજપત્ર 'અચ્છે દિન'ની ઝાંખી કરાવશે

**ચૂંટણી પૂર્વેના પૂર્ણ બજેટમાં મધ્યમ વર્ગને મોટી રાહતો આપવા મોદી સજ્જ : ટેક્સમાં મોટી રાહત આપવાને સર્વોચ્ચ પ્રાથમિકતા અપાશે : ટેક્સમાં છુટછાટ, આરોગ્ય વિમા પર વધારાના લાભ અને એફડી પર વધારે વ્યાજની જાહેરાત થઇ શકે : સ્ટોક માર્કેટને લઇને પણ ખાસ જાહેરાત કરાશે**



નવીદિલ્હી, તા. ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે વર્ષ ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી પહેલા પોતાના અંતિમ પૂર્ણ બજેટમાં મધ્યમવર્ગને શ્રેણીબદ્ધ રાહતો આપવા માટે કમરકસી લીધી છે. ચૂંટણી મેદાનમાં ઉતરતા પહેલા સરકાર મધ્યમવર્ગને ખુશ કરવાના પ્રયાસમાં છે. ટેક્સમાં મોટી રાહત સરકાર આપી શકે છે. મધ્યમવર્ગને ભાજપના સૌથી મોટા આધાર તરીકે ગણવામાં આવે છે. બજેટને લઈને સરકાર વચ્ચે ચર્ચાઓનો દોર શરૂ થઈ ચુક્યો છે. સરકાર અને પાર્ટીના એક મોટા વર્ગનું કહેવું છે કે, બજેટમાં મિડલ કલાસના લોકોને ધ્યાનમાં લેવામાં આવે તે ખુબ જ જરૂરી છે. સરકારમાં ટેક્સ છુટછાટ, હેલ્થ ઈન્સ્યોરન્સ પર વધારે લાભ, એફડી પર વધારે વ્યાજની જાહેરાત કરવામાં આવી શકે છે. છેલ્લા કેટલાક મહિનામાં સેંસેક્સમાં ઉછાળો અને મ્યુચ્યુઅલ ફંડના રિટર્નમાં વધારો થવાના પરિણામ સ્વરુપે આ સરકારી મૂડીરોકાણ યોજનાઓનું આકર્ષણ ઘટી રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## બેંગલોરની એક રેસ્ટોરન્ટમાં ભીષણ આગ : પાંચ ભડથુ

**સવારે લાગેલી આગમાં અનેક લોકો દાઝી ગયા**



બેંગલોર,તા. ૮

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં આગની બે ઘટનાઓ બન્યા બાદ આજે સવારે આઈટી શહેર બેંગલોરમાં વિનાશક આગ ફાટી નિકળી હતી. વહેલી સવારે શહેરના શાક માર્કેટમાં આ આગ લાગ હત. જેમાં પાંચ લોકોના મોત થઈ ગયા હતા. પોલીસે કહ્યુ છે કે આગની ઘટનામાં મૃત્યુ પામેલા તમામ લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. શબ્જી મંડી વિસ્તારન કુમ્બારા સંઘ બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોરમાં સ્થિત કૈલાશ બાર અને રેસ્ટોરન્ટમાં સવારે આગ ફાટી નિકળી હતી. આ આગના કારણે અંદર ઉંઘી રહેલા રેસ્ટોરન્ટના પાંચ લોકોના મોત થયા હતા. તમામ મૃત્યુ પામેલા લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. મૃતકોન ઓળખ ૨૩ વર્ષીય સ્વામી, ૨૦ વર્ષીય પ્રસાદ, ૩૫ વર્ષીય મહેશ તરીકે થઈ છે. આ ઉપરાંત હસનમાં રહેનાર ૪૫ વર્ષીય મંજુનાથ અને માંડ્યાના કિર્તીની પણ આગમાં બળી જવાથી મોત થયા છે.

# ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીથી મૃતાંક ૧૨૫

**ઉત્તરપ્રદેશમાં ઠંડીથી વધુ બે લોકોના મોત, લેહમાં માઇનસ ૧૬.૮ : મોટી સંખ્યામાં ટ્રેનો રદ કરવાની ફરજ : જમ્મુ કાશ્મીર, હિમાચલપ્રદેશમાં માઇનસમાં તાપમાન : ઠંડીના લીધે સુરક્ષા જવાનોના પણ મોત**

નવી દિલ્હી,તા. ૮

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી યથાવત રીતે જારી રહ છે. પારો મોટા ભાગના રાજ્યોમાં નીચી સપાટી પર પહોંચી ગયો છે. બીજી બાજુ ઉત્તરપ્રદેશ, બિહાર, રાજસ્થાન સહિત જુદા જુદા રાજ્યોમાં ઠંડીના કારણે મોતનો આંકડો વધીને હવે ૧૨૫ ઉપર પહોંચી ગયો છે.જનજીવન સંપૂર્ણ પણે ઠપ થયેલુ છે. મોટી સંખ્યામાં ટ્રેનો રદ કરવામાં આવતા યાત્રીઓને સ્ટેશન પર રાત્રી ગાળવાની ફરજ પડી રહી છે. દિલ્હી અને એનસીઆરમાં ધુમ્મસની ચાદર છવાયેલી છે. લડાખના લેહમાં તાપમાન માઈનસ ૧૬.૮ નોંધાયું છે. બીજી બાજુ અમરનાથ ગુફા તરફ દોરી જતા યાત્રા માર્ગના બેઝકેમ્પ પર પહેલ ગામમાં પારો માઈનસ ૮.૯ ડિગ્રી થયો છે. ગુલમાર્ગમાં માઈનસ ૧૦.૬ થોય છે. આવી જ રીતે કુંપવારા માઈનસ ૫.૫ તાપમાન થયું છે. કાશ્મીર હાલમાં ૪૦

● અનુસંધાન પાન-૭ પર



## વડાપ્રધાનના એક ફોનથી ૭ હજારને મળ્યું નવજીવન



ન્યુ દિલ્હી,તા.૦૮

સાઉદી અરબએ ૨૦૧૫માં જ્યારે યમનને નિશાન બનાવીને હુમલા કર્યા ત્યારે ૪૮૦૦ ભારતીય ઉપરાંત ૧૯૭૨ વિદેશી નાગરિકોના જીવ માત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એક ફોનથી બચી ગયાં હતાં. વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે આસિયાનના મંચ પરથી પ્રવાસી ભારતીય દિવસ પર આ વાત જાહેર કરી હતી. આસિયાનના મંચ પર તેઓ ૩ હજાર ભારતીયોને સંબોધી રહ્યાં હતાં. સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે, ૨૦૧૫માં જ્યારે સાઉદી અરબે યમન પર હુમલા કર્યા તેને લઈને તે ખુબ જ ચિંતિત હતાં. હજારો ભારતીય યમનમાં ફસાય હતાં. ત્યાંથી બહાર આવવા માટે તેમની પાસે કોઈ રસ્તો ન હતો, કેમકે સાઉદીનું સૈન્ય હુમલા કરી રહ્યું હતું. તે દરમિયાન તેમણે આ મુદ્દે વડાપ્રધાન મોદી સાથે આ મામલે ચર્ચા કરી. વડાપ્રધાને રિયાધમાં રાજા સાથે વાત કરી. રાજાને એક સપ્તાહ માટે યમન પર હુમલા રોકવાની અપીલ કરવામાં આવી. સાઉદી કિંગે રોજ બે કલાક સવારે ૯ થી ૧૧ વાગ્યા સુધી હુમલા રોકવા સમહતિ દાખવી. સુષ્માએ કહ્યું હતું કે આ દરમિયાન મેં પોતે યમન સરકારને અપીલ કરી કે તે અટવાયેલા ભારતીયોને સુરક્ષિત રીતે બહાર લાવી એડન બંદર અને સૈન્ય હવાઈ મથક સુધી પહોંચાડે.

## પ્રજાસત્તાક દિને દિલ્હીમાં આતંકી હુમલાના ષડયંત્રનો પર્દાફાશ

ન્યુ દિલ્હી,તા.૦૮

આગામી ગણતંત્ર દિવસે રાજધાની દિલ્હીમાં આતંકી હુમલાનું ષડયંત્ર રચાયું હોવાનું જાણવા મળ્યું છે. ગતરોજ મથુરા પાસે શતાબ્દિ એક્સપ્રેસમાંથી એક શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. જેની માહિતીના આધારે બે અન્ય શખ્શોની શોધ કરવા માટે રાજધાની દિલ્હીની એક હોટલમાં દરોડા પાડવામાં આવ્યા હતા.

તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, બન્ને શકમંદ વ્યક્તિઓ એક દિવસ પહેલા જ હોટલ છોડીને જતા રહ્યાં છે. હવે દિલ્હી પોલીસની સ્પેશિયલ ટીમ, યુપી એટીએસ અને આઈબી આ બન્ને શકમંદોને પકડવા પ્રયાસ કરી રહી છે. સૂત્રોનું માનીએ તો, આતંકીઓનું મુખ્ય ટાર્ગેટ દિલ્હીમાં ૨૬ જાન્યુઆરીનો કાર્યક્રમ અને અક્ષરધામ મંદિર હોઈ શકે છે. મથુરા પાસે શતાબ્દિ એક્સપ્રેસમાંથી જે શખ્શની ધરપકડ કરવામાં આવી છે તેની ઓળખ બિલાલ તરીકે કરવામાં આવી છે. બિલાલ કશ્મીરના અનંતનાગનો રહેવાસી છે. પોલીસ પુછપરછમાં તેણે જણાવ્યું કે, તે અને તેના સાથીઓ ૨૬ જાન્યુઆરીના રોજ દિલ્હીમાં ગણતંત્ર દિવસના કાર્યક્મ અને અક્ષરધામ મંદિર ઉપર હુમલો કરવાની યોજના બનાવી રહ્યાં હતા. બિલાલે જણાવ્યું કે, તે અને તેના અન્ય બે સાથીઓ દિલ્હીની જામા મસ્જિદ પાસે આવેલી હોટલમાં રોકાયા હતાં. તે હોટલથી નીકળી ગયો પરંતુ તેના સાથીઓ હજી ત્યાં જ છે. બિલાલની બાતમીના આધારે પોલીસે જામા મસ્જિદ પાસે આવેલી હોટલ પર દરોડા પાડ્યા હતા. ત્યાંથી જાણવા મળ્યું કે, ૨ જાન્યુઆરીએ તે લોકો આવ્યા હતા અને ૬ જાન્યુઆરીએ રાત્રે ૮:૩૦ વાગ્યે હોટલ છોડાને જતા રહ્યાં હતાં.

ઉલ્લેખનીય છે કે, ૨૬મી જાન્યુઆરીને લઈને દિલ્હીમાં સુરક્ષા એજન્સીઓને ચેતવણી આપ્યા બાદ ગૃહમંત્રાલયે અન્ય રાજ્યોની પોલીસને પણ એલર્ટ રહેવા જણાવ્યું છે. ડ્રોન અને હવાઈ હુમલાના જોખમને લઈને ગૃહમંત્રાલયે દિલ્હી, પંજાબ, હરિયાણા, મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ, રાજસ્થાન, હિમાચલ પ્રદેશની પોલીસ અને ચીફ સેક્રેટરીને આ અંગે પત્ર દ્વારા જાણ કરી છે. તમામ રાજ્યોની પોલીસને જણાવવામાં આવ્યું છે કે, જ્યાં પણ નાના પ્લેન ઉતરવાની શક્યતા છે ત્યાં સુરક્ષા વધુ સઘન કરવામાં આવે.

## કાશ્મીરમાં પાકિસ્તાની રાષ્ટ્રગાન પર ઉભા રહેવા બદલ ૪ ખેલાડીની ધરપકડ

જમ્મુ, તા.૦૮

બાંદિપોરા જિલ્લામાં ૪ ક્રિકેટ ખેલાડીઓની ધરપકડ કરવામાં આવી છે. આ ખેલાડીઓ પર આરોપ છે કે મેચ દરમિયાન મેદાન પર પાકિસ્તાનનું રાષ્ટ્રાગીત વગાડવામાં આવ્યું હતું. અને ખેલાડીઓ તેને સમ્માન આપવા માટે ઉભા થઈ ગયા હતા. આ ઘટનાનો કથિત વીડિયો પર સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. જેમાં અરિન ગામમાં આયોજીત મેચ દરમિયાન ૪ ખેલાડીઓ પાકિસ્તાનના રાષ્ટ્રગીત પર ઉભા રહેલા જોવા મળે છે. આ વીડિયો જોયા બાદ પોલીસે કશ્મીરના ૪ ક્રિકેટ ખેલાડીઓની ધરપકડ કરી હતી. આ સાથે જ પોલીસ મેચના આયોજકોને પણ શોધી રહી છે. ઉલ્લેખનિય છે કે થોડા સમય પહેલા પર સોશિયલ મીડિયામાં એક વીડિયો વાયરલ થયો હતો. જેમાં સ્થાનિક ક્રિકેટ ખેલાડિઓ ગાંદેરબલ જિલ્લામાં આયોજિત એક મેચની શરૂઆત પહેલા પાકસ્તાનના રાષ્ટ્રગીતને સલામી આપતા જોવા મળ્યા હતાં. જે મામલે પોલીસે કેટલાક ખેલાડીઓને ધરપકડ કરી હતી. જો કે તેઓ દ્વારા આ ભુલ ફરીથી નહિં કરવામાં આવે તેવુ આશ્વાસન આપતા તે તમામને છોડી દેવામાં આવ્યા હતાં.

## મુંબઈમાં શિવસેનાના પૂર્વ નગર સેવકની કરપીણ હત્યા

મુંબઈ,તા.૦૮

અહીંના કાંદિવલી (ઈસ્ટ) ઉપનગરમાં શિવસેનાના ભૂતપૂર્વ નગરસેવક અશોક સાવંતની ગઈ કાલે મોડી રાતે અજાણ્યા શખ્સોએ છરોભોંકીને કરપીણ રીતે હત્યા કરી હતી. સાવંત એમના મિત્રોને મળીને સમતા નગર વિસ્તારમાં આવેલા એમના નિવાસસ્થાન સુર બિલ્ડિંગ તરફ પાછા ફરતા હતા ત્યારે એમની પર હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરો ફરાર થઈ ગયા છે.

સાવંતને તરત જ નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પણ ત્યાં એમને ડોક્ટરોએ મૃત જાહેર કર્યા હતા. બનાવની જાણ થતાં તરત જ સમતા નગર પોલીસ સ્ટેશનના અધિકારીઓ ત્યાં પહોંચી ગયા હતા. પ્રાથમિક તપાસમાં આ હત્યા જૂની અંગત અદાવતને કારણે થઈ હોવાનું મનાય છે.

## કલમ ૩૭૭ની સમીક્ષા માટે સુપ્રીમ તૈયાર

**બંધારણીય પીઠ દ્વારા મામલાની સુનાવણી કરાશે : સમગ્ર મામલામાં અરજીદારોની અરજી ઉપર સુનાવણી : જવાબ આપવા કેન્દ્ર સરકારને પણ આદેશ કરાયો**

નવીદિલ્હી, તા. ૮

સજાતિય અધિકારોના પક્ષમાં ઉભેલા લોકો માટે સોમવારના દિવસે સુપ્રીમ કોર્ટે રાહત આપી દીધી હતી. સુપ્રીમ કોર્ટે કલમ ૩૭૭ પર પોતાના ચુકાદા પર ફરીથી વિચારણા કરવા માટેની તૈયારી દર્શાવી છે. અત્રે નોંધનીય છે કે, દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને ફેરવીને સુપ્રીમ કોર્ટે ૨૦૧૩માં ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો જેમાં સુપ્રીમ કોર્ટે સજાતિય લોકોના શારીરિક સંબંધોને ગેરકાયદે ઠેરવ્યા હતા. સુપ્રીમ કોર્ટની ત્રણ જજની બેંકે ઐતિહાસિક ચુકાદો આપતા કહ્યું હતું કે, બંધારણીય પીઠ આઈપીસીની કલમ ૩૭૭ હેઠળ સજાતિય સંબંધોને અપરાધ તરીકે ગણવા અંગેના ચુકાદા પર ફેરવિચારણા કરશે. સુપ્રીમ કોર્ટે પાંચ એલજીબીટી સમુદાયના લોકો તરફથી દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી કરતી વેળા કેન્દ્ર સરકારને પણ આ મુદ્દે જવાબ આપવા માટે કહ્યું છે.

## જિજ્ઞેશ મેવાણીને દિલ્હીમાં રેલીને મંજુરી નહી

ન્યુ દિલ્હી,તા.૦૮

દલિત નેતા અને ગુજરાતના નિર્દળીય ધારાસભ્ય જિગ્નેશ મેવાણીને દિલ્હીમાં રેલી કરવાની પરમિશન નથી મળી. દિલ્હી પોલીસે ગણતંત્ર દિવસને કારણે મેવાણીને રેલી કરવાની પરમિશન નથી આપી. પોલીસનું કહેવુ છે કે, જો જબરદસ્તી રેલી કરવામા આવશે તો કાર્યવાહી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, જિગ્નેશ મેવાણીને પાર્લિયામેન્ટ સ્ટ્રીટમા ૯ જાન્યુઆરીના રોજ સામાજિક ન્યાય માટે યુવા હુંકાર રેલી તથા જનસભાની જાહેરાત કરી હતી. મેવાણીની રેલીનો હેતુ દેશભરમાં દલિતો પર થઈ રહેલા અત્યાચાર અને ભીમ આર્મીના સ્થાપક ચંદ્રશેખરને મુક્ત કરવાની માંગ કરવાનો હતો.

દિલ્હી પોલીસે ગણતંત્ર દિવસ દરમિયાન સમગ્ર નવી દિલ્હી વિસ્તારમાં ધારા ૧૪૪ લગાવવામાં આવે છે. આ દરમિયાન કોઈ પણ પ્રકારના કાર્યક્રમને પરમિશન આપવામાં આવતી નથી. પોલીસે કહ્યું કે, જો કોઈ પણ પ્રકારે ધારા ૧૪૪

● અનુસંધાન પાન-૭ પર

હવે,
શિયાળુ સ્પેશીયલની મજા માણો
ઊંધીયું : રૂ. ૧૫૦/- (૫૦૦ ગ્રામ)
જલેબી : રૂ. ૩૦૦/- (૫૦૦ ગ્રામ)
લીલી હળદરનું શાક : રૂ. ૩૦૦/- (૫૦૦ ગ્રામ)
તુવેરના ટોઠા (બ્રેડ સાથે): રૂ. ૨૦૦/- (૫૦૦ ગ્રામ)
અમારી વાનગીઓ
માત્ર શુદ્ધ ઘી તથા સીંગતેલમાં ઉપલબ્ધ છે
પાર્સલ સુવિધા ઉપલબ્ધ છે
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)
MANAGED BY
RUDRAKSH EVENT MANAGEMENT
Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli,
Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 9924252627

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય